## Directorate of Information

# Media Coverage Report

## Date : 02-05-2025




**GMRC**

દિવ્ય ભાસ્કર

# આજે અને 14 મેએ IPLની મેચ, રાત્રે 12.30 સુધી મેટ્રો દોડાવાશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે 2 અને 14 મેના રોજ યોજાનારી આઈપીએલની ડે-નાઈટ ક્રિકેટ મેચોને ધ્યાનમાં રાખીને મેટ્રો સવારે 6.20 વાગ્યાથી મધ્યરાત્રિના 12.30 વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. દરમિયાન દર 6 મિનિટના અંતરે મેટ્રોનું સંચાલન કરાશે જેમાં માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી બેસી શકાશે જ્યારે ગાંધીનગર જવા માટે મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-1 સુધી રાત્રે 11.40 વાગે અને મધ્યરાત્રિના 12.10 વાગે બે વધારાની ટ્રેન સેવાઓ પૂરી પડાશે. આ ઉપરાંત મુસાફરોની સુવિધા માટે મેચના દિવસોમાં મોટેરા સ્ટેડિયમથી રાત્રે પરત ફરવા, રૂ.50ની કિંમતની સ્પેશિયલ પેપર ટિકિટ બહાર પાડવામાં આવી છે.




ગુજરાત સમાચાર

## આઈપીએલ : ગાંધીનગર માટે બે વધારાની ટ્રેન દોડાવાશે

અમદાવાદ, ગુરૂવાર

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં આગામી ૨ અને ૧૪ મેના રમાનારી ડે-નાઈટ મેચને પગલે મેટ્રો ટ્રેનને સવારે ૬:૨૦થી રાતે ૧૨:૩૦ સુધી દોડાવાશે. લંબાવેલા સમય દરમિયાન માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન-સાબરમતી મેટ્રો સ્ટેશનથી જ મેટ્રોમાં બેસી શકાશે. ત્યાંથી અમદાવાદ મેટ્રોના બંને કોરિડોરના કોઈપણ કાર્યરત્ મેટ્રો સ્ટેશનમાં જઈ શકાશે.

ગાંધીનગર જવા માટે મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ સુધી રાતે ૧૧:૪૦ અને મધ્યરાત્રિના ૧૨:૧૦ કલાકે બે વધારાની ટ્રેન સેવા પૂરી પાડવામાં આવશે. આઈપીએલની આ બંને મેચ દરમિયાન રૂપિયા ૫૦ની સ્પેશિયલ પેપર ટિકિટ બહાર પાડવામાં આવશે.




# સંદેશ

# IPL દરમિયાન ગાંધીનગર સેક્ટર-૧ જવા મેટ્રો રાતના ૧૨:૧૦ વાગ્યા સુધી મળશે

। અમદાવાદ ।

આગામી તા. ૨ અને તા.૧૪ મે ના રોજ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ મોટેરા ખાતે IPLની ડે-નાઇટ ક્રિકેટ મેચ યોજાવાની હોવાથી અમદાવાદ મેટ્રો દ્વારા સવારના ૬:૨૦ થી રાતના ૧૨:૩૦ કલાક સુધી મેટ્રો ટ્રેન ચાલુ રખાશે. રાતના ૧૦થી મધ્યરાત્રીના ૧૨:૩૦ સુધીના લંબાવાયેલા સમય દરમિયાન મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનેથી મેટ્રોમાં બેસી શકાશે. જ્યાંથી અમદાવાદના બંને કોરિડોર તરફ જઈ શકાશે.

ગાંધીનગર જવા માટે મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ સુધી રાત્રે ૧૧:૪૦ કલાકે અને મધ્યરાત્રીએ ૧૨:૧૦ કલાકે બે વધારાની ટ્રેનો દોડાવાશે. રાતના ૧૦ વાગ્યા પછી મેટ્રોમાં બેસવા માટે ૫૦ રૂપિયાની કિંમતવાળી સ્પેશિયલ પેપર ટિકિટ જ માન્ય રહેશે.



નવગુજરાત સમય


# IPL: ગાંધીનગર જવા રાત્રે 11:40 અને 12:10 વાગ્યે ખાસ મેટ્રો ટ્રેન

## » તા. 2 મે અને 14મીએ યોજાનારી મેચ માટે વિશેષ વ્યવસ્થા

**નવગુજરાત સમય** > ગાંધીનગર

IPL વખતે મોટેરાથી ગાંધીનગર આવવા રાત્રે 11:40 અને 12:10 વાગ્યે ખાસ ટ્રેનનો લાભ ગાંધીનગરવાસીઓને બે દિવસ માટે મળવાનો છે. 2 મે અને 14 મે ના રોજ મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાનારી IPL ક્રિકેટ મેચને લક્ષમાં લઈ GMRC દ્વારા વિશેષ વ્યવસ્થા કરાઈ છે.

અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં 2 મે અને 14 મે ના રોજ યોજાનારી IPL મેચ માટે GMRC દ્વારા કરાયેલી વ્યવસ્થા મુજબ મેટ્રો સેવાનો સમય મધ્યરાત્રિ 12:30 સુધી લંબાવવામાં આવ્યો છે. સામાન્ય દિવસોમાં સવારે 6:20થી રાત્રે 10 વાગ્યા સુધી ચાલતી મેટ્રો સેવા આ બે દિવસ વિશેષ રૂપે લંબાવવામાં આવી છે. રાત્રે 10થી મધ્યરાત્રિ 12:30 સુધી માત્ર મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનથી સેવા ઉપલબ્ધ રહેશે. આ સ્ટેશનોથી મેટ્રોની બંને કોરિડોર પર કોઈપણ કાર્યરત સ્ટેશન સુધી મુસાફરી કરી શકાશે. અમદાવાદના મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર આવવા માટે સેક્ટર-1 સુધી રાત્રે 11:40 અને મધ્યરાત્રિ 12:10 વાગ્યે બે વિશેષ ટ્રેન દોડશે. મુસાફરો માટે 50 રૂપિયાની સ્પેશિયલ પેપર ટિકિટની વ્યવસ્થા કરવામાં આવી છે. રાત્રે 10 વાગ્યા પછી માત્ર આ સ્પેશિયલ ટિકિટ જ માન્ય રહેશે. મુસાફરોની સુવિધા માટે સ્પેશિયલ ટિકિટ નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઈકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ અને જીવરાજ મેટ્રો સ્ટેશનો પરથી અગાઉથી ખરીદી શકાશે. મેચના દિવસે અમદાવાદમાં દર 8 મિનિટે મેટ્રો ટ્રેન ઉપલબ્ધ રહેશે. રાત્રે 10 વાગ્યા પછી મોટેરા અને સાબરમતી સ્ટેશનથી દર 6 મિનિટે ટ્રેન મળશે.



LET TRUTH PREVAIL
THE TIMES OF INDIA


# Metro extended to G'nagar for IPL matches

**Ahmedabad:** The Gujarat Metro Rail Corporation (GMRC) decided to extend services to Gandhinagar during IPL cricket matches at Narendra Modi Stadium.

Two additional trains will operate from Motera Stadium metro station, departing at 11.40 pm and 12.10 am, exclusively on Friday and May 14 to accommodate match-going crowds. The GMRC announced that metro services in Ahmedabad will run until 12.30 am on both match days.

The authorities introduced a special paper ticket system for return journeys during IPL matches. These tickets, priced at a flat rate of Rs 50 per person, allow travel from Motera Stadium and Sabarmati Metro Station to any operational stations on both Ahmedabad Metro corridors during the extended hours.

Post 10 pm, passengers can only enter from Motera Stadium and Sabarmati Metro Stations using these special paper tickets. TNN



AhmedabadMirror

# Metro timings extended for IPL


Ahmedabad Mirror Bureau
feedback@ahmedabadmirror.com

Posts @ahmedabadmirror

To facilitate easy travel for cricket fans for the upcoming IPL matches, the Gujarat Metro Rail Corporation (GMRC) has announced extended metro service timings in Ahmedabad. The matches at the Narendra Modi Cricket Stadium are scheduled from May 2 to May 14.

The metro services, which are typically operational from 6:20 am to 10 pm, will be extended till 12:30 am on the days of the matches.

The extended services will be available only from Motera Stadium Metro Station and Sabarmati Metro Station to any operational station on both corridors (Motera Stadium to APMC and Vastral Gam to Thaltej Gam). GMRC has introduced a special paper ticket for the return journey for passengers on match days.



राजस्थान पत्रिका

दो और 14 मई के दिन रात 10 बजे बाद सेवा बढ़ाने की घोषणा

# आइपीएल मैच वाले दिन गांधीनगर सेक्टर-1 रूट पर भी मध्यरात्रि तक दौड़ेगी मेट्रो ट्रेन



अहमदाबाद @ पत्रिका. आइपीएल मैच वाले दिन दो मई और 16 मई को अब गांधीनगर रूट पर भी सेक्टर-1 तक मेट्रो ट्रेन की सेवा रात 12.30 बजे तक दर्शकों को मिलेगी। इससे पहले मोटेरा से वस्त्राल, वेजलपुर एपीएमसी व थलतेज गाम रूट पर ही सेवा मिलती थी। ऐसे में गांधीनगर से मैच देखने आने वाले दर्शकों को राहत मिलेगी।

रात 10 बजे के बाद मोटेरा स्टेशन से गांधीनगर -सेक्टर-1 रूट पर रात 11.40 बजे और 12.10 बजे दो अतिरिक्त ट्रेनें चलेंगी। इस अवधि में गांधीनगर जाने वाले दर्शक मेट्रो का लाभ ले सकेंगे। इसके लिए दर्शकों को 50 रुपए का स्पेशल पेपर टिकट खरीदना होगा।

मोटेरा से एपीएमसी वेजलपुर, वस्त्राल गाम, थलतेज गाम रूट पर रात 10 बजे बाद सफर करने के लिए भी दर्शकों को 50 रुपए की स्पेशल पेपर टिकट लेनी होगी। यह टिकट निरांत क्रॉस रोड, एपरेल पार्क, कालूपुर, ओल्ड हाईकोर्ट, थलतेज, मोटेरा व साबरमती रेलवे स्टेशन, राणीप, वाडज और जीवराज मेट्रो स्टेशन से पहले से भी दिन में खरीदे जा सकेंगे। इस टिकट के जरिए मैच खत्म होने के बाद रात 10 बजे से 12.30 बजे तक मोटेरा, साबरमती से अन्य स्टेशनों तक सफर किया जा सकेगा।

## हर छह मिनट पर रात 12.30 तक दौड़ेगी मेट्रो

गुजरात मेट्रो रेल कोर्पोरेशन ने कहा कि मैच वाले दिन रात को हर छह मिनट पर अहमदाबाद के स्टेशनों के लिए मेट्रो दौड़ेगी। रात 12.30 बजे मोटेरा से अंतिम ट्रेन रवाना होगी।

ગાંધીનગર સમાચાર

# આજે આઈપીએલની મેચને અનુલક્ષીને મેટ્રો રાતના સાડા બાર સુધી દોડશે

## ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝર્સ વચ્ચેના મુકાબલા માટે ખાસ વ્યવસ્થા : ગાંધીનગર માટે મોટેરા સ્ટેડિયમથી સે-૧ સુધી રાત્રે ૧૧.૪૦ અને ૧૨.૧૦ કલાકે બે વધારાની ટ્રેન

ગાંધીનગર, તા. ૧

નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે તા. ૦૨/૦૫/૨૦૨૫ અને ૧૪/૦૫/૨૦૨૫ ના રોજ યોજાનારી આગામી IPL-૨૦૨૫ ની ડે-નાઈટ ક્રિકેટ મેચોને ધ્યાનમાં રાખીને, GMRCએ અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓને સવારના ૬:૨૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.

અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓની હાલની સમયમર્યાદા સવારે ૬:૨૦ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી છે. રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમ્યાન માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકાશે અને ત્યાંથી અમદાવાદ મેટ્રોની બંને કોરિડોર (મોટેરાથી એપીએમસી અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ) ના કોઈ પણ કાર્યરત મેટ્રો સ્ટેશન પર જઈ શકાશે.

ગાંધીનગર જવા માટે, મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ સુધી રાત્રે ૧૧.૪૦ કલાકે અને મધ્યરાત્રિના ૧૨.૧૦ કલાકે બે વધારાની ટ્રેન સેવાઓ પૂરી પાડવામાં આવશે.

આ ઉપરાંત, જીએમઆરસીએ મેટ્રોના મુસાફરોને મુશ્કેલી ના પડે તે માટે ઉપર દર્શાવેલ IPL મેચોના દિવસોમાં મોટેરા સ્ટેડિયમથી રાત્રે પરત ફરવા, સ્પેશ્યલ પેપર ટિકિટ બહાર પાડેલ છે. સ્પેશ્યલ પેપર ટિકિટનું ભાડું પ્રતિ વ્યક્તિ દીઠ ૫૦ રહેશે, જેનો ઉપયોગ લંબાવેલ સમય દરમિયાન મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનથી



અમદાવાદ મેટ્રોની બંને લાઈન પરના કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી માટે થઈ શકશે. સ્પેશિયલ પેપર ટિકિટ ઉપરાંત કોન્ટેકટલેસ સ્માર્ટ ટોકન્સ, કોન્ટેકટલેસ સ્માર્ટ કાર્ડ (GMRC ટ્રાવેલ કાર્ડ અને NCMC કાર્ડ), ઊઈ ડિજિટલ ટિકિટ અને ઊઈ પેપર ટિકિટ સાથેની એન્ટ્રી પણ રાબેતા મુજબ રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી નિયમિત ભાડા પર ઉપલબ્ધ રહેશે. કિઓસ્ક, ટોકન વેન્ડિંગ મશીન, ટિકિટ કાઉન્ટર, મોબાઈલ એપ થી અગાઉથી ખરીદેલી ટિકિટ (QR/TOKEN) રાત્રિ ના ૧૦:૦૦ વાગ્યા પછી માન્ય રહેશે નહીં.

રાત્રિના ૧૦:૦૦ વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશન માં પ્રવેશ કરવા માટે માત્ર સ્પેશ્યલ પેપર ટિકિટ માન્ય રહેશે. સ્પેશ્યલ પેપર ટિકિટ મેચના દિવસ દરમ્યાન નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઈકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ અને જીવરાજ મેટ્રો સ્ટેશનો પરથી અગાઉથી ખરીદી શકાશે, જેથી પરત ફરતી વખતે મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન ખાતે ટિકિટ માટે લાઈનમાં ઉભા રહેવાનું ટાળી શકાય.

જાહેર જનતાને નોંધ લેવા મેટ્રો ઓથોરિટીએ વિનંતી કરી છે કે મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ રાબેતા મુજબ જ રહેશે. ઉપર જણાવેલ તારીખો દરમ્યાન અમદાવાદમાં મેટ્રો ટ્રેન દર ૮ મિનિટે ઉપલબ્ધ રહેશે. રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમ્યાન માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી દર ૬ મિનિટે મેટ્રો ટ્રેન ઉપલબ્ધ રહેશે. મોટેરા મેટ્રો સ્ટેશનથી છેલ્લી ટ્રેનનો ઉપડવાનો સમય મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યાનો રહેશે.

જન્મભૂમિ
।। જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી ।।
સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પ્રકાશન


# આઈપીએલના પગલે આજે અને ૧૪ મેના રોજ અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓને મધ્યરાત્રિના ૧૨.૩૦ વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૧ : નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આવતીકાલે તા. ૦૨ મે, ૨૦૨૫ અને ૧૪ મે, ૨૦૨૫ ના રોજ યોજાનારી આગામી આઈપીએલ-૨૦૨૫ની ડે-નાઈટ ક્રિકેટ મેચોને ધ્યાનમાં રાખીને, જીએમઆરસીએ અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓને સવારના ૬.૨૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨.૩૦ વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.

અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓની હાલની સમયમર્યાદા સવારે ૬.૨૦ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી છે. રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨.૩૦ વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમિયાન માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકાશે અને ત્યાંથી અમદાવાદ મેટ્રોની બંને કોરિડોર (મોટેરાથી એપીએમસી અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ) ના કોઈ પણ કાર્યરત મેટ્રો સ્ટેશન પર જઈ શકાશે.

ગાંધીનગર જવા માટે, મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ સુધી રાત્રે ૧૧.૪૦ કલાકે અને મધ્યરાત્રિના ૧૨.૧૦ કલાકે બે વધારાની ટ્રેન સેવાઓ પૂરી પાડવામાં આવશે.



गुजरात वैभव

# अहमदाबाद में आईपीएल मैच के लिए मेट्रो सेवाओं का टाइम बढ़ाया गया

## गांधीनगर के लिए मोटेरा स्टेडियम से उपलब्ध होगी मेट्रो

**अहमदाबाद ।** नरेंद्र मोदी क्रिकेट स्टेडियम में 2 मई और 14 मई को होने वाले आईपीएल-2025 के दिन/रात के क्रिकेट मैचों के मद्देनजर, जीएमआरसी ने उक्त तिथियों पर अहमदाबाद में मेट्रो ट्रेन सेवाओं का समय 6:20 बजे से बढ़ाकर मध्यरात्रि 00:30 बजे तक करने का निर्णय लिया है। अहमदाबाद में मेट्रो सेवाओं का मौजूदा समय 06:20 बजे से 22:00 बजे तक है, 22.00 बजे से 00.30 बजे तक के विस्तारित घंटों के दौरान, यात्री केवल मोटेरा स्टेडियम मेट्रो स्टेशन और साबरमती मेट्रो स्टेशन से अहमदाबाद के दोनों कॉरिडोर (मोटेरा स्टेडियम से एपीएमसी और वस्त्राल गाम से थलतेज गाम) पर किसी भी चालू स्टेशन तक यात्रा कर सकते हैं। गांधीनगर के लिए मोटेरा स्टेडियम से सेक्टर-1 तक 23.40 बजे और 00.10 बजे दो अतिरिक्त ट्रेन सेवाएं प्रदान की जाएंगी। इसके अलावा, यात्रियों को परेशानी मुक्त यात्रा की सुविधा प्रदान करने के लिए, जीएमआरसी ने आईपीएल मैचों के दिन वापसी यात्रा के उद्देश्य से इस्तेमाल किए जाने वाले एक विशेष पेपर टिकट की शुरुआत की है।